ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ઈટાલીની સોફિયા દસ મહિનામાં ગુજરાતી ફટાફટ બોલતા શીખી

**ગાંધીનગરના કૈરવ-બિના દેસાઈ પરિવાર સાથે દસ મહિનામાં ગુજરાતી ભાષા-કલ્ચર અને રીત-રિવાજોથી ઓતપ્રોત બની ગઈ છે : નવરાત્રી અને કેરીનો રસ ખુબ ગમ્યા**

ગાંધીનગર, તા. ૭

સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગર આવેલી ઈટાલીની સોફિયાને કડકડાટ ગુજરાતી દેસાઈના હાથની ગુજરાતી રસોઈ ખુબ ભાવે છે. હાલમાં જ કેરીનો રસ ચાખનાર સોફિયા તો તેની ફેન થઈ ગઈ છે. આટલા મહિનામાં ક્યારેય તેણે





(તસવીર : કશ્યપ નિમાવત)

બોલતા સાંભળો તો વિશ્વાસ જ ન થાય કે તે માત્ર દસ જ મહિના પહેલા ગુજરાત આવી છે. માતૃભાષા ગુજરાતી હોય તેવા એનઆરઆઈના સંતાનો પણ ન બોલી શકે તે સહેલાઈથી ઈટાલીયન સોફિયા કડકડાટ ગુજરાતી બોલે છે અને સમજે છે. ગજબનાક ગ્રાસ્પીંગ પાવર ધરાવતી સોફિયા ગાંધીનગરના જાણીતા યુગલ કૈરવ અને બીના દેસાઈના ઘરે રહી પાક્કી ગુજરાતણ બની ગઈ છે.

દસ મહિના અહીં રહી ગુજરાતી કલ્ચરલને સંપૂર્ણપણે અપનાવી સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામનો હેતુ સાર્થક કરનાર સોફિયા માટે તો બીના અને કૈરવ દેસાઈનું ઘર બીજુ કુટુંબ સ્વરૂપે મળ્યું છે. ગુજરાતીમાં બધા જ પ્રશ્નોના ઉત્તર આપતી સોફિયાને નિવિદ દેસાઈ સ્વરૂપે એક નાનો ભાઈ મળી ગયો છે જે એની જેમ જ પુસ્તકપ્રેમી છે અને બંને કલાકો સુધી બંનેની ફેવરીટ બુક્સ હેરીપોટર વિશે ચર્ચા કરી શકે છે. ડાઈનીંગ ટેબલ પર નહી પરંતુ સામાન્ય ગુજરાતી પરિવારોની રીતભાત અનુસાર નીચે બેસીને જમવાનો આગ્રહ રાખનાર સોફિયા ભલે પોતાના દેશ ઈટાલીમાં પાસ્તા અને પિત્ઝા ખાતી હોય પરંતુ અહીં તો તેને મમ્મી બીના ઈટાલીયન ફુડનો આગ્રહ રાખ્યો નથી.

ગુજરાતનો આગવો કહી શકાય તે નવરાત્રી ઉત્સવની મજા સોફિયાએ ખુલ્લા દીલથી માણી છે. દિવાળી, હોળી, ઉત્તરાયણ, નોરતા જેવા ઉત્સવોમાં સોફિયાને નવરાત્રી ખુબ ગમી ગઈ છે. તેને ફરી ગુજરાત આવવુ છે અને તે પણ નવરાત્રી માણવા માટે. કૈરવભાઈના પિતા મૃગેન્દ્રભાઈ દેસાઈ પાસેથી ધાર્મિક અને ઐતિહાસિક વાર્તાઓ સાંભળવાનો લ્હાવો લેતી સોફિયાએ ગુજરાતી સંસ્કૃતિ અને રીતરીવાજો વિશે ખુબ વિસ્તારથી બીનાબેન પાસેથી સમજ મેળવી છે. બીનાબેન કહે છે કે સોફિયા ખુબ ઝડપથી બધી વસ્તુઓ શીખે છે. દિવાળીમાં તેણે દિવડા ડેકોરેટ કર્યા અને મહેંદી લગાવવાનું શીખી. તે પરત ઈટાલી જઈ રહી છે ત્યારે તેણે બંને હાથે અને પગે ભરચક મહેંદી અહીંની યાદગીરીરૂપે મુકાવી છે. અહીંની કઈ બાબત ન ગમી તેવુ પુછતા સોફિયા ખુબ જ સહજતાથી હસતા હસતા કહે છે અહીંના લોકો 'પંચાત' ખુબ કરે છે.' અને કેટલીક મહિલાઓ બહુ 'ચાંપલી' હોય છે. 'પંચાત' અને 'ચાંપલી' જેવા ટીપીકલ ગુજરાતી શબ્દો સોફિયાને બોલતા

● અનુસંધાન પાન-૭ પર

## દિકરીની વિદાય જેવો માહોલ દેસાઈ પરિવારમાં સર્જાયો

ગાંધીનગર, તા. ૭

એક સાવ અજાણ્યા પ્રદેશમાંથી આવેલી સાવ અજાણી સોફિયા ક્યારે પોતાના હસમુખા સ્વભાવ અને પ્રેમાળ વર્તનથી કૈરવ અને બીના દેસાઈના પરિવારમાં ભળી ગઈ તે ખબર જ ન રહી. સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ કૈરવ-બીના દેસાઈની મહેમાન બનેલી ઈટાલીની સોફિયા હવે દેસાઈ પરિવારની દિકરી બની ગઈ છે. ગુજરાતી કલ્ચરમાં સંપૂર્ણપણે ડુબી ગયેલી સોફિયા આઠ મહિના બાદ પોતાનો અભ્યાસ પૂર્ણ થઈ જતા ગુરૂવારે પરત ઈટાલી જઈ રહી છે. ત્યારે દેસાઈ પરિવાર માટે તો આ પ્રસંગ જાણે દિકરી વિદાયનો પ્રસંગ બની ગયો છે.

મહેમાન બનીને ઘરે આવેલી સોફિયાને કૈરવ અને

● અનુસંધાન પાન-૭ પર

# બિરસા મુંડા ભવનમાં ધડાકા સાથે આગ

**પાવર સપ્લાય બંધ કરીને ફાયરબ્રિગેડે આગને કાબુમાં લઈ લીધી**

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર શહેરના સે.૧૦ ખાતે આવેલા બિરસા મુંડા ભવનમાં આજે બપોરના અરસામાં પાવર રૂમમાં અચાનક ધડાકા સાથે આગ ભભૂકી ઉત્તર નાસભાગ મચી જવા પામી હતી. ધડાકાની સાથે જ ફાટેલી આગને પગલે કર્મચારીઓ ભયભીત થઈ ગયા હતા અને દોડધામ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા જ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાવર સપ્લાય બંધ કરીને એસ્ટીગ્યુઝરની મદદથી આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કોઈ જાનહાની કે કોઈને ઈજા થવા પામી ન હતી. કચેરીના પાવર રૂમમાં ભારે નુકશાન થવા પામ્યું છે.





(તસવીર : વિપુલ ચૌહાણ)

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૦ ખાતે સ્થિત બિરસા મુંડા ભવન ખાતેના પાવર રૂમમાં આજે બપોરના સુમારે એકાએક ધડાકા સાથે આગ લાગી ઉઠતા કર્મચારીઓમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. આગ ધીમે ધીમે પ્રસરી રહી હતી. પાવર રૂમમાં લાગેલી આગને કાબુમાં લેવા તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમનો કાફલો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ યથાવત

**મહત્તમ પારો ૪૨ ડિગ્રીએ પહોંચ્યો જ્યારે લઘુત્તમ ૨૪.૫ ડિગ્રી : વાતાવરણમાં ભેજનું પ્રમાણ દિવસે ઘટીને ૧૭ ટકા જ્યારે સવારે ૪૧ ટકા નોંધાયું**

ગાંધીનગર, તા.૭

છેલ્લા અઠવાડિયામાં વાતાવરણ થોડુંક વાદળછાયું રહેવાના કારણે ગરમીમાં રાહત મળી હતી. પરંતુ ફરી એક વાર ગરમીનો પારો ઉપર ચઢવા લાગતા નગરજનો માટે ગરમીનો પ્રકોપ વેઠવાનો વારો આવ્યો છે. શહેરમાં આજનું મહત્તમ તાપમાન વધીને ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું જયારે લઘુત્તમ તાપમાનનો પારો ૨૪.૫ ડિગ્રી સેલ્સિયસ પર અટકયો હતો અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ લઘુત્તમ ૧૭ ટકા રહ્યું હતું જયારે સવારે ૪૧ ટકા ભેજ નોંધાયો હતો.

ગાંધીનગરમાં સતત ગરમીનો પ્રકોપ યથાવત રહેવાથી નગરજનો ત્રસ્ત થઈ જવા પામ્યા હતા. બપોરના સમયે પાટનગરના રાજમાર્ગો સુમસામ થઈ ગયા હતા અને લોકોએ ઘર કે ઓફિસની બહાર નીકળવાનું ટાળ્યું હતું. નગરજનોએ ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા એસીનો સહારો લેવો પડી રહ્યો છે જયારે જે લોકોને એસી પરવડતું ના હોય તેઓએ યેનકેન ઉપાયો દ્વારા ગરમીને માત આપવા પ્રયત્નો કર્યા હતા. આ પ્રયત્નોમાં એરકુલરથી લઈને ખસની ટટ્ટી બાંધીને પાણી છાંટવા સુધીના અખતરાઓનો સમાવેશ થાય છે. મોટા ભાગના ઘરોમાં પંખા આખો દિવસ અને રાતે ફુલ સ્પીડે ફરતા

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડનું સન્માન

ગાંધીનગર,તા.૭

વડોદરા ફાયરબ્રિગેડના પ્રથમ ચીફ ફાયર ઓફિસર સ્વ. એ. કે.



વૈષ્ણવની સુવર્ણ જયંતી પ્રસંગે ગુજરાતની આઠેય મહાનગરપાલિકાઓમાં પ્રસંશનીય તથા ઉત્કૃષ્ટ કામગીરી અદા કરનાર અધિકારીઓ તથા કર્મચારીઓનું રાજય ના પોલીસ વડા પી.સી. ઠાકુર દ્વારા વડોદરા ખાતે યોજાયેલા સમારોહમાં સન્માન કરવામાં આવ્યું હતુ. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર ઓફિસર મહેશકુમાર આર. મોડનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ ડી.જી.પી ના હસ્તે સન્માન કરી સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

# સ્વર્ણિમ પાર્કમાં રખડતા ઢોરોનો અડ્ડો : હરિયાળી સામે ખતરો

**ગંદકીના પ્રશ્નને લઈ લારી-ગલ્લાનું દબાણ હટાવવા તંત્રની સુચના**

ગાંધીનગર, તા. ૭

શહેરમાં મધ્ય વિસ્તાર સ્થિત સ્વર્ણિમ પાર્કમાં જાળવણીના અભાવે અત્યારથી જ ગંદકીની સમસ્યા મહત્વાકાક્ષી યોજનાનું કામ હાલ પ્રગતી હેઠળ છે. પ્રથમ તબક્કામાં ઘ-૪ થી ગ-૪ સુધીનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. જ્યારે હાલ ઘ-૪ થી ચ-૪ હરિયાળીને બરકરાર રાખવા સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી પાણીની જરૂરિયાત સંતોષવામાં આવી રહી છે. બીજી



ઉદ્‌ભવી છે. અગાઉ પ્રેમી પંખીડાઓ માટે આશીર્વાદરૂપ નિવડેલ પાર્કમાં હાલ રખડતા ઢોરોનો અડ્ડો જોવા મળે છે. સ્વર્ણિમ પાર્કમાં રખડતા ઢોરને લીધે પાર્કની હરિયાળી અને સુંદરતા સામે ખતરો મંડરાયો છે.

નગરમાં સ્વર્ણિમ પાર્કની વચ્ચે કામગીરી ચાલુ છે. સ્વર્ણિમ પાર્કમાંનું હરિયાળીલોન ઉપરાંત વિવિધ પ્રકારના પ્લાન્ટેશન સહિતના આકર્ષણો ઉભા કરાયા છે. પરંતુ જાળવણીના યોગ્ય અભાવ વચ્ચે સ્વર્ણિમ પાર્કની સુંદરતા સામે ખતરો મંડરાયો છે. એકબાજુ સ્વર્ણિમ પાર્કની તરફ સ્વર્ણિમ પાર્કમાં રખડતા ઢોરોએ અડીંગો જમાવતા પાર્કની હરિયાળી સામે ખતરો ઉભો થયો છે. થોડા સમય અગાઉ પણ પાર્કમાં યુવક-યુવતીઓ કઢંગી હાલતમાં બેસતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જ્યારે હાલ પાર્કની

● અનુસંધાન પાન-૭ પર

# જુના સચિવાલયમાં હડકાયા કુતરાએ આતંક મચાવ્યો

**૮ કર્મચારીઓને બચકા ભર્યા : એક ડ્રાઈવરે હિંમત કરીને જીવના જોખમે કુતરાને પકડ્યું : બેકાબુ બનેલા કુતરાએ ડ્રાઈવરને પણ હાથ-પગે અને છાતીએ બચકા ભર્યા : રોષે ભરાયેલા ટોળાએ હડકાયા કુતરાને અંતે મારી નાખ્યું : આરોગ્ય ખાતાના કર્મીઓ પણ ભોગ બન્યા**



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં સ્થિત જુના સચિવાલય ખાતે બ્લોક નં.૪ ની સામે આરોગ્યખાતાની કચેરીની બાજુમાં જ આજે બપોરે હડકાયા બનેલા એક કુતરા એ આતંક મચાવી મુક્યો હતો. જુના સચિવાલયના ૮ જેટલા કર્મચારીઓને હડકાયા કુતરાએ બચકા ભરીને ઘાયલ કરતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. એક કલાક માટે આ વિસ્તારમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. એક ડ્રાયવરે હિંમત દાખવીને જીવ ના જોખમે તેણે પકડ્યું પણ તે ડ્રાયવરને પણ કુતરા એ લોહીલુહાણ કરી મુક્યા હતા. જો કે ડ્રાયવરે હાર ન માનીને કુતરાનું મો પકડી રાખ્યું અને અન્ય રોષે ભરાયેલા કર્મીઓએ કુતરાને ધોકા મારીને મારી નાંખ્યું હતું. ત્યારે આખા જુના સચિવાલયમાં કામ કરતા કર્મીઓએ હાંશકારો અનુભવ્યો હતો. નોંધનીય બાબત છે કે ડ્રાઈવરે દાખવેલી હિંમતને કારણે કેટલાય કર્મીઓ કુતરાનો

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પરમ પૂજ્ય દાદી **ગં.સ્વ. મધુબેન રણછોડલાલ ગજ્જર** તા. ૩/૫/૨૦૧૪ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તથા સુંવાળા તા. ૯/૫/૨૦૧૪ને શુક્રવારે સવારે ૯-૦૦થી ૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શિવધામ, અચલેશ્વર મહાદેવ, બજારમાં, પેથાપુર, તા.જી. ગાંધીનગર**

ગં.સ્વ. જયાબેન રજનીકાન્ત ગજ્જર (પુત્રવધુ)

કવિતા પરેશ ગજ્જર (પૌત્રવધુ) — ડો. પરેશ રજનીકાન્ત ગજ્જર (પૌત્ર), મેડીકલ ઓફીસર, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર. ૯૮૨૫૪ ૩૮૦૮૪

નેહા દિલીપ ગજ્જર (પૌત્રવધુ) — દિલીપ રજનીકાન્ત ગજ્જર (પૌત્ર), માહિતી ખાતુ, ગાંધીનગર - ૯૯૭૮૪ ૪૦૯૪૧

પારૂલ રાજેશકુમાર ગજ્જર (પૌત્રી) — રાજેશકુમાર રમેશભાઈ ગજ્જર (જમાઈ)

શ્રદ્ધા, નીલ, ધૈર્ય, યશ, મીત ('બાલી'ના બાળ ગોપાળ)

**પીયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

| | | |
|---|---|---|
| અમૃતલાલ રણછોડલાલ ગજ્જર (કલોલ) | રમેશભાઈ બળદેવદાસ ગજ્જર (વાવોલ) | નટવરલાલ જેઠાલાલ ગજ્જર (વડસર) |

**નોંધ : લૌકિક ક્રિયા બંધ છે.**

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Kisan
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com